૯

આદર્શ નિવાસી શાળા(વિ.જા) કુમાર
ભાવનગર માટે ભાડે રાખેલ મકાનનું
ભાડુ વધારવા બાબત

કી.૪૬૯
S. J. ...
21 OCT 2022
INWARD 45216

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ અનશ/૧૦૨૦૦૭/૧૨૧૪/અ-૧
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૦/૧૦/૨૦૨૨

વંચાણે લીધાઃ-

(૧)સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૩૦/૦૩/૨૦૧૦ના ઠરાવ ક્રમાંક અનશ/૧૦૨૦૦૭/૧૨૧૪/અ-૧

(૨)સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૨/૧૧/૨૦૧૩ના ઠરાવ ક્રમાંક અનશ/૧૦૨૦૦૭/૧૨૧૪/અ-૧

(૩)નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૧૨/૧૦/૨૦૨૨નો પત્રક્રમાંક:વિજાક/આનિશા/મ.ભા./૨૦૨૨-૨૩/૬૭૪

આમુખઃ-

વંચાણ હેઠળના ક્રમાંકઃ(૧)પરના વિભાગના તા.૩૦/૦૩/૨૦૧૦ ના ઠરાવથી આદર્શ નિવાસી શાળા (વિ.જા.)કુમાર ભાવનગર માટે શ્રી ભારતીય કેળવણી ટ્રસ્ટ, વડોદરા સંચાલિત સંગમ મહિલા સેવા સંઘ, ભાવનગર ખાતેના મકાન પ્રતિમાસ રૂ.૨૪,૦૦૦/-(અંકે રૂપિયા ચોવીસ હજાર પુરા)ના દરે ભાડે રાખવા મંજુરી આપવામાં આવી હતી. વંચાણ હેઠળના ક્રમાંક(૨)પરના વિભાગના તા ૨૨/૧૧/૨૦૧૩ના ઠરાવથી સદર મકાનનું ભાડુ પ્રતિમાસ રૂ.૨૪,૦૦૦/-(અંકે રૂપિયા ચોવીસ હજાર પુરા) થી વધારીને રૂ.૪૧,૮૦૦/-(અંકે રુપિયા એકતાળીસ હજાર આઠસો પુરા) ચુકવવાની મંજુરી આપવામાં આવેલ હતી. વંચાણ હેઠળના ક્રમાંકઃ(૩) પરના નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણના તા. ૧૨/૧૦/૨૦૨૨ ના પત્રથી સદર મકાનનું ભાડુ રૂ.૪૧,૮૦૦/- થી વધારીને રૂ.૪૯,૯૦૦/- કરવા દરખાસ્ત કરવામાં આવેલ. જે બાબત વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ-

પુખ્ત વિચારણા બાદ આદર્શ નિવાસી શાળા (વિ.જા)કુમાર ભાવનગર માટે ભાડેથી રાખવામાં આવેલ શ્રી ભારતીય કેળવણી ટ્રસ્ટ, વડોદરા સંચાલિત સંગમ મહિલા સેવા સંઘ, ભાવનગર ખાતેના મકાનનું મકાન ભાડું પ્રતિમાસ રૂ.૪૧,૮૦૦/- થી વધારીને રૂ.૪૯,૯૦૦/- (અંકે રૂપિયા ઓગણપચાસ હજાર નવસો પુરા) કરવા નીચેની શરતોને આધિન મંજૂરી આપવામાં આવે છે.

શરતો:-

(૧) આ મકાનમાં છાત્રાલયને અનુરૂપ જરૂરી સુધારાવધારા મકાન માલિકે પોતાના ખર્ચે કરી આપવાના રહેશે.

(૨) મકાનમાં છાત્રો માટે જરૂરી સંખ્યામાં સંડાસ, બાથરૂમની સગવડ મકાન માલિકે પોતાના ખર્ચે કરી આપવાની રહેશે. તમામ બાથરૂમ/સંડાસ સ્વચ્છ રાખવાની તથા મેઈન્ટેનન્સની જવાબદારી મકાન માલિકની રહેશે.

(૩) મકાન માલિકે વીજળી, પાણી, ટ્યુબલાઇટ, પંખાની પુરતી સગવડ પુરી પાડવાની રહેશે.

(૪) મકાન ભાડે રાખવાની અન્ય સરકારી હુકમો/શરતોનું પાલન કરવાનું રહેશે.

(૫) આ અંગેનો ખર્ચ ચાલુ વર્ષે મંજૂર થયેલ ગ્રાન્ટમાંથી કરવાનો રહેશે.

(૬) ફાયર સેફટી અંગેની વખતોવખતની સરકારી ગાઈડલાઈન્સનું પાલન કરવાનું રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અધિક મુખ્યસચિવશ્રી(સા.ન્યા)ની તા.૧૮/૧૦/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.એ.ચૌહાણ)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, બ્લોક નં.૪/૩જો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાના:-

(૧) એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ

(૨) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર

(૩) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ભાવનગર

(૪) નાયબ નિયામકશ્રી/સમાજ કલ્યાણ અધિકારીશ્રી, ભાવનગર [નિયામકશ્રી(વિ.જા.ક.) મારફત]

(૫) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર

(૬) સેકશન અધિકારીશ્રી.(કમ્પ્યુટર-સેલ શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ

(૭) સિલેકટ ફાઇલ